Meet

Alma Flor Ada



લેખિકા અલ્મા ફ્લોર એડા નો પરિચય

અલ્મા ફ્લોર એડા કહે છે, "હું મોટા ભાગ ની મારી વાર્તાઓ લખવા પહેલા લોકો ને મોટે થી કહી સંભળાવું છું. લોકો નું સાંભળવું અને એના વખાણ કરવાથી મને વાર્તાઓ લખવાની પ્રેરણા મળે છે."


અન્ય લોકો ની વાર્તા સાંભળવા થી પણ એડા ના લેખન પર પ્રભાવ પડે છે. "સોના નો સિક્કો" નો થોડો ભાગ એ વાર્તા પર આધારિત છે જે એના દાદાજીએ એને ત્યારે સંભળાવી હતી જયારે એ ફક્ત પંદર વર્ષ ની હતી. વાર્તા માં , એક અમીર માણસ ને એની સંપત્તિ માટે દૂર જવાનું, અથવા એની મરણ પથારી એ પડેલી પત્ની સાથે રહેવાનું, એ બે વિકલ્પો વચ્ચે પસંદગી કરવાની હતી. એ માણસ અલ્મા ફ્લોર એડા ના દાદા જ હતા - અને એણે એની પત્ની સાથે રહેવાનો ફેંસલો કર્યો જેનો એને ક્યારેય અફસોસ ન થયો. "પૈસા નું તમારા જીવન પર ક્યારેય વર્ચસ્વ ન હોવું જોઈ," દાદાજી એ એડા ને કહ્યું.

અલ્મા ફ્લોર એડા ક્યુબા માં મોટી થઈ અને હવે કેલિફોર્નિયા માં રહે છે, જ્યાં એ સાન ફ્રાન્સિસ્કો વિશ્વવિદ્યાલય માં બહુસાંસ્કૃતિક શિક્ષા ના પ્રોફેસર છે. એણે ઘણી બાળ વાર્તાઓ લખી છે જે મેક્સિકો, પેરુ, આર્જેન્ટિના અને સ્પેન માં પ્રકાશિત થઈ છે.

સોના નો સિક્કો

અલ્મા ફ્લોર એડા

ચિત્ર : નીલ વોલ્ડમૅન



જુઆન ઘણા વર્ષો થી ચોરી કરતો હતો.

કારણ કે એ રાતે ચોરી કરતો હતો, એટલે એની ત્વચા નિસ્તેજ અને માંદલી થઈ ગઈ હતી. કારણ કે એ એનો સમય છુપાવા માં અથવા છાનામાના સંતાઈ ને નાસી જવામાં વિતાવતો હતો, એટલે એનું શરીર કરચલીવાળું અને વાંકુ વળી ગયું હતું. અને કારણ કે એની પાસે, એને હસાવવા માટે કોઈ મિત્ર કે સગું ન હતું, એટલે એના ચેહરા પર હંમેશા ગુસ્સો રહેતો હતો.

એક રાતે, વૃક્ષો ની વચ્ચે થી ચમકતી રોશની થી આકર્ષિત થઈ જુઆન એક ઝૂંપડી પાસે ગયો. એ દબાતે પગલે દરવાજા સુધી પહોંચ્યો અને તિરાડ માં થી એણે એક વૃદ્ધ માજી ને એક સાદા, લાકડા ના ટેબલ પર બેસેલા જોયા.


એના હાથ માં એ શું ચમકી રહ્યું હતું? જુઆન ને આશ્ચર્ય થયું. એને એની આંખો પર વિશ્વાસ ન થયો : એ એક સોના નો સિક્કો હતો. ત્યાં એણે વૃધ્ધા ને પોતાને કહેતા સાંભળ્યા, "હું કદાચ દુનિયા ની સૌથી શ્રીમંત વ્યક્તિ છું."

જુઆને તુરંત નિર્ણય કર્યો કે એ મહિલા નું બધું સોનુ એનું હોવું જોઈએ. જુઆને વિચાર્યું કે એનું કામ ત્યારે સરળ થશે જયારે વૃધ્ધા ઝૂંપડી માં થી બહાર જશે. એટલે જુઆન ઝાડીઓ માં સંતાઈ ગયો અને હૂંફ માટે એનો ડગલો પોતાની આસપાસ વીંટાળી લીધો. એ ઝૂંપડી માં પ્રવેશવા માટે યોગ્ય સમય ની રાહ જોવા લાગ્યો.

જુઆન અડધી ઊંઘ માં હતો જયારે એણે ઝૂંપડી ના દરવાજા પર ટકોરા અને આગ્રહપૂર્ણ અવાજો સાંભળ્યા. થોડી મિનિટ પછી, એણે એક કાળા ડગલા માં મહિલા ને બે માણસો સાથે ઝૂંપડી માં થી બહાર જતા જોયા.

આ જ મારો મોકો છે! જુઆને વિચાર્યું. અને એક બારી ને જોરથી ખોલી ને એ ખાલી ઝૂંપડી માં દાખલ થયો.





એ બહુ ઉત્સુકતા થી ચારે બાજુ સોનુ શોધવા લાગ્યો. એણે ગાદલા ની નીચે જોયું. સોનુ ત્યાં ન હતું. એણે કબાટ માં જોયું. ત્યાં પણ સોનુ ન હતું. તો ક્યાં હોઈ શકે? નિરાશા અને ગુસ્સા માં જુઆને છાપરા ની છત ને સહારો આપતા થોડા લાકડા ના મોભ તોડી નાખી.

આખરે એને હાર માનવી પડી. ઝૂંપડી માં સોનુ ન હતું.

એણે વિચાર્યું, હવે હું બસ એટલું કરી શકું છું કે એ વૃદ્ધ મહિલા ને શોધું અને એને પૂછું કે એણે સોનુ ક્યાં સંતાડયું છે.

એટલે એ મહિલા અને એના બે સાથી જે રસ્તે ગયા હતા એ રસ્તા પર ચાલવા લાગ્યો.


જયારે જુઆન નદી પર પહોંચ્યો ત્યારે દિવસ નો ઉજાસ હતો. ગ્રામવિસ્તાર વેરાન હતો, પણ ત્યાં નદી ને કિનારે, બે ઝૂંપડી હતી. પાસે એક માણસ અને એનો દીકરો બહુ મહેનત થી બટાટા ના વાવેતર માટે ખરપડી થી જમીન પોચી કરી રહ્યા હતા.

જુઆને બીજી કોઈ વ્યક્તિ સાથે વાતચિત કર્યે ઘણો સમય થઈ ગયો હતો. તો પણ એ મહિલા ને શોધવાની એની ઈચ્છા એટલી પ્રબળ હતી કે એ ખેડૂત પાસે ગયો અને એને એના કર્કશ અને ભારે અવાજ માં પૂછ્યું, "શું તમે એક કાળા રંગ નો ડગલા પહેરેલી એક નાની, ભૂખરા વાળવાળી મહિલા ને જોઈ છે?"

"અચ્છા, તમે ડોના જોસેફા ને શોધી રહ્યા છો," યુવાન છોકરા એ કહ્યું. "હા, અમે એને જોયા છે. અમે આજે સવારે જ એને લેવા ગયા હતા, કારણકે મારા દાદાજી ને બીમારી નો હુમલો આવ્યો હતો."

"એ મહિલા હવે ક્યાં છે?" જુઆને પૂછ્યું.





પિતા એ સ્મિત કરતા કહ્યું, "એ તો ઘણા સમય પહેલા જતા રહ્યા છે. નદી ને સામે પાર થી થોડા લોકો એને શોધતા આવ્યા હતા કારણકે એના પરિવાર માં કોઈ વ્યક્તિ બીમાર હતી."

"હું નદી ને સામે પાર કેવી રીતે જઈ શકું?" જુઆને ઉત્સુકતા થી પૂછ્યું.

છોકરા એ જવાબ આપ્યો, "કેવળ હોડી થી."

ચોર બબડયો, "આભાર."

પણ એ ત્યાં જલ્દી જવા માટે અધીરો હતો. એટલે એણે પણ એક ખરપડી લીધી અને ખેડૂતો ની મદદ કરવા લાગ્યો. જેટલું જલ્દી પૂરું કરશું, એટલું જલ્દી નદી પાર કરી શકશું, એણે વિચાર્યું. અને એટલું જલ્દી હું મારુ સોનુ પ્રાપ્ત કરી શકીશ!


જયારે અંત માં એમણે ખરપડી નીચે રાખી ત્યાં સાંજ પડી ગઈ હતી. માટી ઉપરતળે થઈ ગઈ હતી, અને વાંસ ની ટોકરી બટાટા થી ભરાઈ ગઈ હતી.

"શું હવે તમે મને નદી પાર કરાવી શકો છો?" જુઆને પિતા ને આતુરતા થી પૂછ્યું.

"જરૂર," માણસે કહ્યું, "પણ પહેલા ચાલો જમી લઈએ."

જુઆન ઘરે બનેલા ભોજન નો સ્વાદ અને બીજા સાથે ભોજન વહેંચી ને ખાવાની ખુશી લગભગ ભૂલી ચુક્યો હતો. જયારે એણે ભૂરા રંગ ના બ્રેડ નો આખરી ટુકડો સૂપ સાથે ખાધો, તો અતીત માં કરેલા ભોજન ની ઘણી યાદો તાજી થઈ.





ચાંદની માં પિતા અને પુત્ર, એની નાવ ને નદી પાર લઈ ગયા.

"ડોના જોસેફા કેટલા અદ્ભૂત ચિકિત્સક છે!" છોકરા એ જુઆન ને જણાવ્યું. "દાદાજી ની તબિયત સારી કરવા એણે પોતાની ખાસ ચ્હા નો ફક્ત એક કપ એને પીવડાવ્યો."

"હા, અને એટલું જ નહીં," એના પિતા એ આગળ કહ્યું, "એ એને માટે એક સોના નો સિક્કો પણ લાવ્યા હતા."

જુઆન સ્તબ્ધ થઈ ગયો. ડોના જોસેફા માટે લોકો ની મદદ કરવી કદાચ એનો વ્યવસાય હશે. પણ લોકો ને સોના ના સિક્કા એ કેવી રીતે વહેંચી સકતા હતા?

જયારે ત્રણેય અંત માં નદી ના સામા કિનારે પહોંચ્યા, તો એણે એક યુવક ને એની ઝૂંપડી ની બહાર બેઠેલો જોયો.

"આ માણસ ડોના જોસેફા ને શોધી રહ્યો છે," પિતા એ જુઆન તરફ ઈશારો કરતા યુવક ને કહ્યું.

"અરે, એ તો થોડી વાર પહેલા જ અહીં થી ચાલ્યા ગયા," યુવકે કહ્યું.

"ક્યાં?" જુઆને તણાવપૂર્ણ અવાજ માં કહ્યું.


"પહાડ ની બીજી બાજુ," યુવકે રાત ના આકાશ માં અસ્પષ્ટ રૂપરેખા વાળા પહાડ તરફ ઈશારો કરતા કહ્યું.

"એ ત્યાં કેવી રીતે ગયા?" જુઆને એની અધીરતા છુપાવાની કોશિશ કરતા પૂછ્યું.

"ઘોડા પર," યુવકે ઉત્તર આપ્યો. "થોડા લોકો એને લેવા માટે ઘોડા પર સવાર થઈ ને આવ્યા હતા કારણકે ત્યાં કોઈ નો પગ તૂટી ગયો હતો.

"ઠીક છે, તો મારે પણ એક ઘોડો જોઈશે," જુઆને અગત્યતા દર્શાવતા કહ્યું.





"કાલે," યુવકે ધીરે થી ઉત્તર આપ્યો. "હું તમને ત્યાં કાલે લઈ ને જઈ શકું, અથવા પરમ દિવસે, કારણકે એ પહેલા મારે મકાઈ ની કાપણી લણણી કરવાની છે."

એટલે જુઆને બીજો દિવસ ખેતર માં વિતાવ્યો. સૂર્યોદય થી સૂર્યાસ્ત સુધી મહેનત કરીને એ પરસેવે રેબઝેબ થઈ ગયો.


તો પણ એણે ચૂંટેલી દરેક મકાઈ નો ડોડો એને એના ખજાના નજીક લાવતો હોય એવું લાગ્યું. અને ત્યાર બાદ એ સાંજે, જયારે એણે મકાઈ ને છોલવામાં અને દાણા કાઢવામાં મદદ કરી, જે રાત ના ખાવા માટે ઉકાળી શકે, તો પીળા મકાઈ ના દાણા એની સામે સોના ના સિક્કા ની જેમ ચમકી ઉઠયા.

જમતી વખતે જુઆને ડોના જોસેફા વિષે વિચાર્યું. એણે વિચાર્યું, કે એ મહિલા, જે પોતાને દુનિયા ની સૌથી શ્રીમંત વ્યક્તિ માનતા હતા, શું એ માઈલો સુધી દરેક બીમાર વ્યક્તિ ની દેખભાળ કરવા એનો સમય વેડફે?

બીજે દિવસે પરોઢિયે બંને નીકળી પડયા. જુઆન ને યાદ ન આવ્યું કે એણે છેલ્લે સૂર્યોદય ની સુંદરતા ક્યારે જોઈ હતી. એ પેલા પહાડો ને જોઈ ને અલગ રીતે આકર્ષિત થયો, જેને સવારના સૂરજ ના હલ્કા કિરણો એ પ્રકાશિત કર્યા હતા.

જેવા એ તળેટી ની પાસે પહોંચ્યા, પેલા યુવકે કહ્યું, "મને આશ્ચર્ય નથી કે તમે ડોના જોસેફા ને શોધી રહ્યા છો. આ આખા ગ્રામીણ વિસ્તાર ને એની સખત જરૂરત છે. હું એને એટલે લેવા ગયો હતો કારણકે મારી પત્ની ને બહુ તાવ હતો. થોડા સમય માં, ડોના જોસેફા એ એને દવા આપી ને સારી કરી દીધી. અને એ થી પણ વધારે, મિત્ર, એ મારી પત્ની માટે એક સોના નો સિક્કો લઈ ને આવ્યા!"





જુઆને નિસાસો નાખ્યો. જરા વિચારો કે કોઈ વ્યક્તિ આટલી આસાનીથી પોતાનું સોનુ વ્હેંચી શકે છે! જુઆને વિચાર્યું કે ડોના જોસેફા એક બહુ વિચિત્ર મહિલા હશે. એ ન કેવળ એક પછી એક બધા લોકો ને મદદ કરવા તૈયાર હતા, પણ એ કરવા માટે એને દૂર દૂર ગ્રામીણ વિસ્તાર માં ભટકવા માં કોઈ આપત્તિ ન હતી!

"ભલે, મારા મિત્ર," યુવકે છેવટે કહ્યું, "આ જગ્યા એ હવે હું તમને છોડીશ. પણ તમારે વધારે દૂર સુધી ચાલવું નહીં પડે. ત્યાં પેલું ઘર દેખાય છે? જે માણસ નો પગ તૂટ્યો હતો, એ એનું ઘર છે."

યુવકે આવજો કહેવા માટે એનો હાથ આગળ કર્યો. જુઆન એક પળ માટે એને ઘૂરતો રહ્યો. ઘણા લાંબા સમય થી ચોરે કોઈ સાથે હાથ મિલાવ્યો ન હતો. ધીરે-ધીરે એણે એનો હાથ ડગલા માં થી બહાર કાઢ્યો. જયારે એના સાથી એ એનો હાથ મજબૂત રીતે પકડયો, તો જુઆન ને અચાનક સૂરજ ના કિરણો જેવી ગરમી લાગી.


યુવક નો આભાર માની ને જુઆન તુરંત રસ્તા પરથી નીચે ભાગ્યો. એ હજી પણ ડોના જોસેફા સાથે થઈ જવા ઉત્સુક હતો. જયારે એ પેલા ઘર પાસે પહોંચ્યો તો ત્યાં એક મહિલા અને એક બાળક ગાડી માં થી ઉતરી રહ્યા હતા.

"શું તમે ડોના જોસેફા ને જોયા છે?" જુઆને પૂછ્યું.

મહિલા એ કહ્યું, "અમે હમણાંજ એને ડોન ટીઓડોસીઓ પાસે છોડી ને આવ્યા છીએ.ડોન ની પત્ની બહુ બીમાર_."

"હું ત્યાં કેવી રીતે પહોંચી શકું?" જુઆને એને વચ્ચે ટોકી. "મારે એને મળવું છે."





"ચાલી ને જવા માટે એ જગ્યા બહુ દૂર છે," મહિલા એ સ્નેહપૂર્વક કહ્યું. "જો તું ચાહે તો હું તને કાલે ત્યાં લઈ જાઉં. પણ એ પહેલા મારે મારા લીલોતરી શાક અને કઠોળ ની કાપણી લણણી કરવી પડશે."

જુઆને ફરી ખેતર માં એક લાંબો દિવસ વિતાવ્યો. ઉનાળા ના તાપ માં કામ કરતા એણે જોયું કે એની ત્વચા હવે કાળી પડવા લાગી હતી. અને જોકે એને લીલોતરી કાપવા માટે નીચે ઝુકવુ પડતું હતું, પણ હવે એણે જોયું કે એનું શરીર લચીલું થઈ ગયું હતું. એની પીઠ પણ સીધી થવા લાગી હતી.


પછી, જયારે નાની છોકરી એને એક પડી ગયેલા વૃક્ષ નીચે રહેતા સસલા ના પરિવાર ને જોવા જુઆન નો હાથ પકડી ને લઈ ગઈ, તો જુઆન ના ચહેરા પર એક સ્મિત આવ્યું. જુઆન ને સ્મિત કર્યે ઘણો સમય વીતી ગયો હતો.


તો પણ એના મગજ માં સોના ના સિક્કા ના જ વિચાર આવી રહ્યા હતા.

બીજે દિવસે, જુઆન અને મહિલા ને લઈ જતું વેગન કોફી ના ખેતરો વચ્ચે ના રસ્તા પર આગળ વધ્યું.

મહિલા એ કહ્યું, "મને ખબર નથી કે અમે ડોના જોસેફા વગર શું કરત. મેં મારી દીકરી ને પડોશી ના ઘરે મોકલી, જે એના ઘોડા પર ડોન જોસેફા ને લઈ આવ્યો. એણે મારા પતિ નો પગ સેટ કર્યો અને એનું દર્દ ઓછું કરવા એક વિશેષ ચ્હા બનાવવાનું શીખવાડયું."

કોઈ જવાબ ન મળતા મહિલા એ આગળ કહ્યું, "અને જાણે કે આ પૂરતું ન હોય, ડોના જોસેફા મારા પતિ માટે એક સોના નો સિક્કો પણ લાવ્યા. શું તું એની કલ્પના કરી શકે છે?"





જુઆને નિસાસો નાખ્યો. એમાં કોઈ સંશય ન હતો, એણે વિચાર્યું, કે ડોના જોસેફા જરૂર એક વિશેષ વ્યક્તિ હશે. પણ જુઆન ને એ સમજાતું ન હતું કે શું પોતે એ વાત થી ખુશ થાય કે ડોના જોસેફા પાસે એટલું સોને હતું કે એ દિલ ખોલી ને વ્હેંચી રહ્યા હતા, કે પછી પોતે એ વાત થી નારાજ થાય કે એણે પહેલા જ એટલું સોને વ્હેંચી નાખ્યું હતું.


પણ જ્યાં સુધી માં એ ડોન ટીઓડોસીઓ ના ઘરે પહોંચ્યા, ત્યાં સુધી માં ડોના જોસેફા ત્યાં થી જઈ ચુક્યા હતા. પણ ત્યાં પણ અમુક કામ હતા જેને કરવા જરૂરી હતા...

જુઆન કોફી ની કાપણી લણણી ની મદદ કરવા માટે ત્યાં રોકાઈ ગયો. બેરી વીણતાં-વીણતાં એ પહાડી પર હારબંધ ઉગેલા વૃક્ષો ને નિહારતો રહ્યો. એ કેટલી શાંતિપૂર્ણ જગ્યા હતી! એણે વિચાર્યું.

બીજે દિવસે, જુઆન પરોઢિયે ઉઠી ગયો. વહેલી સવાર ની કોમળ રોશની માં પહાડ એની સામે સ્મિત કરતા હોય એવું લાગ્યું. જયારે ડોન ટીઓડોસીઓએ એને ઘોડા પર લઈ જવાની તૈયારી બતાવી, તો જુઆન માટે આવજો કહેવું મુશ્કેલ થઈ ગયું.

"ડોના જોસેફા કેટલી ભલી વ્યક્તિ છે!" ડોન ટીઓડોસીઓએ કહ્યું, જયારે એ બંને પહાડી થી નીચે શેરડી ના ખેતરો તરફ જઈ રહ્યા હતા. "જેવું એણે મારી પત્ની ની બીમારી વિષે સાંભળ્યું, એ તરત એની જડી-બૂટી લઈને આવ્યા. અને જાણે એ પૂરતું ન હોય, એ મારી પત્ની માટે સોના નો સિક્કો પણ લેતા આવ્યા."

એ પ્રખર ગરમી માં, જે તોફાન આવવાનો સંકેત કરે છે, જુઆને બસ એક નિસાસો નાખ્યો અને એનું કપાળ લુછ્યું. પછી એ બંને ઘણા કલાકો સુધી મૌન રહીને સવારી કરતા રહ્યા.



જુઆન ને લાગ્યું કે એ એના પરિચિત ક્ષેત્ર માં પાછો પહોંચી ગયો છે, કારણકે હવે એ રસ્તા ના એ હિસ્સા માં હતો જેના પર જુઆને ગયા અઠવાડીએ જ યાત્રા કરી હતી - જોકે હવે એને આ સફર બહુ લાંબી લાગી રહી હતી. એ ડોન ટીઓડોસીઓ ના ઘોડા પરથી કૂદી પડયો અને દોડવા લાગ્યો.

આ વખતે સોનુ એનાથી બચી નહીં શકે! પણ એને જલ્દી થી આગળ વધવાનું હતું, જેથી તોફાન શરુ થાય એ પહેલા એને ક્યાંક આશ્રય મળી શકે.

જુઆન હાંફતો આખરે ડોના જોસેફા ની ઝૂંપડી સુધી પહોંચ્યો. એ એના દરવાજા પાસે જ ઉભા હતા અને તૂટેલા ઘર નું નિરીક્ષણ કરતા ધીરે-ધીરે એનું માથું હલાવી રહ્યા હતા.


"તો આખરે હું તમારી સાથે થઈ ગયો!" જુઆન ની બૂમ થી વૃદ્ધ મહિલા ચોંકી ગયા. "સોનુ ક્યાં છે?"

"સોના નો સિક્કો?" ડોના જોસેફા એ આશ્ચર્યચકિત થતા અને જુઆન ને ધ્યાન થી જોતા પૂછ્યું. "શું તું અહીં સોના ના સિક્કા માટે આવ્યો છે? મેં એ સિક્કા ને કોઈ એવી વ્યક્તિ ને આપવાની બહુ કોશિશ કરી જેને એની સખત જરૂરત હોય," ડોના જોસેફા એ કહ્યું. "મેં પહેલા એ સોના નો સિક્કો એક વૃદ્ધ માણસ ને આપ્યો જે એક બૂરી બીમારી માં થી બહાર આવ્યો હતો. પછી એક યુવાન મહિલા ને આપ્યો, જેને તાવ હતો. પછી એક તૂટેલા પગવાળા માણસ ને. અને અંત માં, ડોન ટીઓડોસીઓ ની પત્ની ને. પણ એમાંથી કોઈ એ પણ એ સોના નો સિક્કો સ્વીકાર ન કર્યો. એ બધા એ કહ્યું, 'એ તમારી પાસે જ રાખો અને એને એક એવી વ્યક્તિ ને આપો જેને એની અમારા થી વધારે જરૂરત હોય.'"

જુઆને એક શબ્દ પણ ન કહ્યો.

ડોના જોસેફા એ કહ્યું, "કદાચ તને એની વધારે જરૂરત છે."





એણે સોના નો સિક્કો એના ખિસ્સા માં થી કાઢ્યો અને જુઆન ને આપ્યો. જુઆન અવાક થઈ ને સિક્કા ને જોતો રહ્યો.

તે ક્ષણે એક યુવાન છોકરી દેખાણી. દોડતે સમયે એના ગૂંથેલા વાળ ઉછળી રહ્યા હતા. "મહેરબાની કરી ને જલ્દી કરો, ડોના જોસેફા!" એણે હાંફતા કહ્યું. "મારી માઁ સાવ એકલી છે, અને કોઈ પણ સમયે બાળક જન્મી શકે છે."

"ભલે, પ્રિય," ડોના જોસેફા એ ઉત્તર આપ્યો. પણ જેવું એણે આકાશ માં જોયું, તો એને કાળા વાદળો સિવાય કંઈ ન દેખાણું. તોફાન આવવાની તૈયારી હતી. ડોના જોસેફા એ એક ઊંડો નિસાસો મૂક્યો.

"પણ હવે હું કેવી રીતે જઈ શકીશ? જરા મારા ઘર ને જુઓ! છત માં શું જયુ છે ખબર નથી. અને આ તોફાન મારા ઘર ને તોડી-ફોડી નાખશે!"


એ કહેતી વખતે એના અવાજ માં ઊંડી ઉદાસી હતી.

જુઆને છોકરી ની ભયભીત આંખો, ડોના જોસેફા નો ઉદાસ, વ્યથિત ચહેરો અને તૂટેલી ઝૂંપડી ને ધ્યાન થી જોયા.

"તમે જાઓ, ડોના જોસેફા," જુઆને કહ્યું. "તમે તમારા ઘર ની ચિંતા ન કરો. હું તમારી છત ને સરખી કરીને નવા જેવી કરી દઈશ."

ડોના જોસેફા એ કૃતજ્ઞતાથી માથું હલાવ્યું, એનો ઢીલો ડગલો ખભા ફરતે પહેર્યો અને બાળકી નો હાથ પકડયો. જેવા એ જવા માટે ફર્યા, જુઆને એનો હાથ આગળ કર્યો.

"આ રાખી લો," એણે વૃધ્ધા ને સોના નો સિક્કો આપતા કહ્યું. "મને ખાતરી છે કે નવજાત શિશુ ને આની મારા કરતા વધારે જરૂર પડશે."



સમાપ્ત